# ઈરાનના મોજતબા ખામૈની, જીવતા હોય તો સવા લાખના, ન હોય તો લાખના

સારાંશ

★વિન્સી મરચન્ટ

ઈરાનના હાલના હાકેમો એમના નવા સુપ્રીમ લીડર મોજતબા ખામૈની હયાત છે કે કેમ? તે બાબતમાં અકળ મૌન સેવી રહ્યા છે. મોટાભાગની લીડરશીપ યુદ્ધમાં મારી ગઈ છે. હવે જે છે તેઓમાં કોઈ તાલમેળ જણાતો નથી. મોજતબા ખામૈની હયાત છે કે નહીં તેના પર ઘણી મહત્ત્વની બાબતોનો આધાર રહે છે. ઉચ્ચ અધિકારીઓનો એક વર્ગ જાણતો નથી કે મોજતબા હયાત છે કે નહીં? હયાત હોય તો એમની હાલત કેવી છે? દેશને લગતા મહત્ત્વના નિર્ણયો કોણ લે છે?

ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર (આઈઆરજીસી) ના વડા અહમદવાહીદી પોતે એક હાર્ડલાઈનર એટલે કે જૂના વિચારોને કટ્ટરતાથી વળગી રહેતા નેતા છે. કોરના વડા તરીકે આ બ્રિગેડીઅર જનરલ પોતાની મનમાની ચલાવવા માગે છે. હમણાં એક ઓગણીસ વરસના સોહામણા યુવાન સહિત, ચાલીસથી પચાસ જણને બંદૂકની ગોળીઓ દેહાંતદંડ અપાયો. વ્યવસ્થિત કામ ચલાવવાને બદલે કાંગારૂકોર્ટ જે ચુકાદો આપે તેનો અમલ તુરંત કરાવાય છે. આ વાહીદી પણ વર્તમાન યુદ્ધમાં જૂના વડા મોહમ્મદ પાકપુર માર્યા ગયા તેના સ્થાને આવ્યા છે. ગયા જાન્યુઆરીમાં ઈરાનની પ્રજા બળવે ચડી હતી ત્યારે આબન્નેએ મળીને લગભગ ચાલીસ હજાર ઈરાની નાગરિકોને મોતને ઘાટ ઊતાર્યા હતા. મોટર સાયકલો પર સામાન્ય નાગરિકોની માફક પરંતુ હાથમાં એકે 57 રાઈફલો લઈને લોકોના ટોળાંઓ વચ્ચે ઘૂસી ગયા હતા અને પોતાના લોકો પર જ આડેધડ ગોળીઓ ચલાવી હતી.

ટીનેજર સાલેહ મોહમ્મદ ઓગણીસ વરસનો હતો. એનો ગુનો એ હતો કે એણે સરકાર વિરોધી પ્રદર્શનોમાં ભાગ લીધો હતો. એ પ્રદર્શનો વખતે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનની પ્રજાના આલ્હાન આપ્યું હતું કે વિરોધ અથવા ફિતુર ચાલુ રાખજો. અમેરિકા તરફથી મદદ આવી રહી છે. અમેરિકાએ યુદ્ધ આદર્યું પણ ખરૂ. ઈઝરાયલ સાથે મળીને ઈરાનને ખોખરૂ પણ કર્યું છે. પણ સત્તા પરિવર્તનનો જે મનસુબો રખાયો હતો તે પાર પડયો નથી. હાલમાં ઈરાનની પ્રજા ડિપ્રેશન, હતાશા અથવા ઉદાસીમાં મૂકાઈ ગઈ છે. હમણાં છેલ્લાં ઘણા દિવસોથી નથી આ પાર થતું કે નથી પેલે પાર ઈન્ટરનેટ લગભગ બંધ રખાય છે. લોકો સાચી સ્થિતિ જાણી શકતા નથી.

અમેરિકા સાથે વાટાઘાટો યોજવા માટેની વાટાઘાટો ચાલી રહી છે. તેમાં પણ કોઈ પ્રગતિ થતી નથી. કહે છે કે અલગ અલગ હાકેમો વચ્ચે કોઈ વૈચારિક મનમેળ નથી. જે આખરી નિર્ણય લઈ શકે તે નવા સુપ્રીમ લીડર મોજતબા ખામૈનીની પ્રત્યક્ષ કે પરોક્ષ કોઈ રીતે નિર્ણયોની પ્રક્રિયામાં હાજર થતા નથી. એમની ગેર હાજરી બોલકી બની છે. ફેબ્રુઆરીમાં અમેરિકા-ઈઝરાયલે આક્રમણ કર્યું તેમાં મોજતબા ખામૈની ગંભીરપણે ઘાયલ થયા હતા. એમના આખા કુટુંબમાંથી માત્ર એ જ બચી ગયા છે. એમ ઈરાનની સરકાર દ્વારા દાવો કરવામાં આવે છે. અમુક સંકેતો એમ બતાવે છે કે હવે હયાત નથી. એ હૂમલામાં એમનાં પત્ની, પુત્ર, માતા ને ત્યારના સુપ્રીમ લીડર પિતા અલી ખામૈની વગેરે માર્યાં ગયાં હતા. મોજતબા હયા છે તેનો કોઈ પુરાવો હજી સુધી અપાયો નથી. ખાલી નિવેદનો થાયછે કે એહયાત છે. ઈરાનને એકહથ્થુ સત્તા નીચે રાખવા કોઈ ડમી પણતમામ અધિકારીઓમાં એક સાચો કે ખોટો સર્વમાન્ય લીડર હોવા જોઈએ. જીવતો હાથી લાખનો, મરેલો સવા લાખનો. એ રીતે ઈરાનને અધિકારીઓને એક રાખવા માટે મોજતબા ખામૈની નહીં, તો પણ એમના હોવા વિશેનો ખ્યાલ પણઘણો મહત્ત્વનો છે.



ખામૈનીના લાંબા સમયથી ચાલી રહેલી ગેરહાજરી એ એમના કટ્ટર સમર્થકોને પણ વિચલિત કર્યા છે. તેઓ સુપ્રીમ લીડરની ગેરહાજરીમાં ચાલતી વાટાઘાટોની યોગ્યતા, સચ્ચાઈ અને ઔપચારિક્તા સામે સવાલો ઉઠાવી રહ્યા છે

ફેબ્રુઆરીના એ ભયાનક હુમલા બાદ ઈરાન પ્રજાને મોજતબા દ્વારા લકાયેલા કહેવામાં આવતાં સંદેશાઓ સંભળાવવામાં આવે છે. એ ઘવાયા તે ઘટનાને ત્રણ મહિના થઈ ગયા છે. મેડિકલ વિજ્ઞાન આજે એટલું આગળ વધી ગયું છે કે માણસોને મહિનાની અંદર સાજા કરી દે. ત્રણ ત્રણ મહિના ના લાગે. સિવાય કે શસ્ત્રક્રિયાઓની પરંપરાઓ શરૂ કરવી પડી હોય. કાં એ ખૂબ ખરાબ રીતે ઘાયલ થયા છે અથવા એમની હયાતી રહી નથી. જે મનાં સંદેશાઓ ગણાવાય છે તે ફણ કૃત્રિમ બુદ્ધિમતા, એઆઈ.ના ટૂલ દ્વારા મઠારાયેલા હોય છે. એવું ફણ માનવામાં આવે છે કે એમના એ સરકાર જોગ અને પ્રજાજોગ સંદેશાઓ આખેને આખા એ.આઈ. ટૂલ મઠારાયેલો હોય છે. એવું પણ માનવમાં આવે છે કે એમના એ સરકાર જોગ અને પ્રજાજોગ સંદેશાઓ આખેએ આખા એ.આઈ. દ્વારા ઉપજાવી કાઢવામાં આવે છે.

એમની ગેરહાજરીની અસર અમેરિકા-ઈઝરાયલ સાથેની વાટાઘાટો અને તેના મુસદ્દાઓ પર પડે છે. યુદ્ધના સમયમાં ઈરાનના હાકેમોએ પ્રતિકારનું યોગ્ય કોર્ડીનેશન કર્યું. પ્રજાને યોગ્ય સંદેશાઓ પહોંચાડયા. યુદ્ધના મહત્ત્વના સંકલન વડે દુશ્મનોને પ્રતીત કરાવ્યં કે ઈરાનને જીતવું તેઓ ધારે એટલું સહેલું નથી. બીજી તરફ ઈરાન માટે પણ કોઈ સારા દિવસો નથી. અમેરિકાએ હોર્મુઝની ખાડીમાંથી બહાર નિકળતા કોઈ પણ તેલવાહક કે માલવાહક જહાજ સામે ઓમાન નજીક નૌસેનાની દિવાલ ઊભી કરી દીધી છે તેથી ઈરાનનો તેલનો વેપાર સાવ ઠપ થઈ ગયો છે. એક તો યુદ્ધના વિરાટ ખર્ચાઓ ઘર આંગણે તમામ ચીજવસ્તુઓની ખેંચ અને કમી તેમાં તેલની આવક બંધ થાય તો સ્વવિનાશને આમંત્રણ જ આપ્યું ગણાય. આ સ્થિતિમાં ત્રણ ત્રણ મહિના સુધી કપરી પરિસ્થિતિનો અંતના આવે એ મહાકઠોર કસોટી જ ગણાય. આ સ્થિતિએ ઈરાનના વડાઓને ભારે ચિંતામાં મૂકી દીધા છે. ચાર ચાર દશકથી અણુ સત્તા બનવાનું સ્વપ્ન સેવી રાખ્યું હતું અને એ સાકાર થવા આવ્યું છે ત્યારે એ માનવરોકાણ, મૂડી રોકાણ, લાગણીઓનું રોકાણ વગેરે બધું જ ત્યજી દેવું પડે અને પાછળ માત્ર બરબાદી જ બચે એ તો કોઈ પણ પ્રજાને માફક ન આવે. ઈરાન માટે આવી સ્થિતિની શક્યતા, એ પણ ખૂબ મોટો માર સહન કરીને ઊભી થઈ છે. પોતાના અણુશસ્ત્ર કાર્યક્રમને ઈરાન કોઈપણ ભોગે પકડી રાખશે અથવા રાખવાની કોશિશ કરશે.

ખામૈનીના લાંબા સમયથી ચાલી રહેલી ગેરહાજરી એ એમના કટ્ટર સમર્થકોને પણ વિચલિત કર્યા છે. તેઓ સુપ્રીમ લીડરની ગેરહાજરીમાં ચાલતી વાટાઘાટોની યોગ્યતા, સચ્ચાઈ અને ઔપચારિકતા સામે સવાલો ઉઠાવી રહ્યા છે. ખામૈની સત્તાના હાર્ડલાઈનર સમર્થકો ગ્રુપ ચેટ્સમાં જે પ્રકારની વાતો કરે છે, મેસેજો મૂકે છે તે પરથી એમની ભાવનાઓ અને ઈચ્છાઓ વ્યક્ત થાય છે. ઘણી વખત કટ્ટર હાકેમો કરતા ખામૈનીના ટેકેદારો વધુ કટ્ટર જણાય છે. થોડા મવાળ અથવા સમાધાનકારી નેતાઓની તેઓ ટીકા કરે છે. જે વર્તમાન નેતાઓ વાટાઘાટો બાબતે નરમ રૂખ અપનાવી રહ્યા છે. તેમાંના એક ઈરાનની સંસદના સ્પીકર મોહમ્મદ બાઘેર ઘાલીબાફ છે. ખામૈનીના સમર્થક એમની ટીકા કરતા કહે છે કે ઘાલીબાફ વધું પડતું જતું કરવા તૈયાર થયા છે.

અમેરિકાની યેલ યુનિવર્સિટીના ઈતિહાસ વિષયના પ્રાધ્યાપક અર્શ અઝીઝી કહે છે કે, 'સમર્થકો એ વાતની ફીકર કરે છે કે મોજતબા ખામૈની ક્યાં છે? એકબીજા એકબીજાને ગ્રુપ મેસેજીસમાં પૂછતાં રહે છે. ઘાલીબાફની આગેવાની હેઠળ નેસનલ સિક્યોરિટી કાઉન્સિલ અમેરિકાની સામે ઘણું બધું જતું કરવા તૈયાર છે તેથી સમર્થકો નિરાશ થાય છે. અમુક સમર્થકોએ સોશિયલ મિડિયા પર મોજતબા ખામૈનીને પોતાની હાજરી દર્શાવવાની વિનંતી કરતા સંદેશાઓ પોસ્ટ કર્યા છે. તેઓ કહે છે કે 'તમે (ખામેની) હરી ફરી શકો એવી સ્થિતિમાં ન હો તો વોઈસ મેસેજ વડે સંદેશો આપો કે જે વાટાઘાટો ચાલી રહી છે તેને તમારો (ખામૈનીનો) ટેકો છે. તમારી જાણ સાથે જ વાતચીતો ચાલી રહી છે.'

ઈરાનની રાષ્ટ્રીય સલામતીને લગતી કોઈપણ બાબતમાં સુપ્રીમ લીડરનો નિર્ણય આખરી ગણાય છે. 1980ના દશકમાં ઈરાન-ઈરાક યુદ્ધ સમયે સમાધાન કરવાનો સમય આવ્યો ત્યારે વર્તમાન સત્તાના પ્રથમ સુપ્રી લીડર આયાતોલ્લહા રૂહોલ્લાહ ખોમૈનીએ પ્રજાનો અભિપ્રાય માગ્યો હતો. આમ કરવાથી પ્રજાના અલગ અલગ જૂથો વચ્ચેનાં કજિયા-કંકાસો અને વિખવાદો મટી જતાં હોય છે. ત્યારબાદ એમણે યુદ્ધના અંતની ઘોષણા કરી હતી. આ નિર્ણયને એમણે ઝેરનો ઘૂંટડો પીવા સમાન ગણાવ્યું હતો. મોજતબા ખામૈનીના પિતા અલી ખામૈનીએ 2015માં વૈશ્વિક સત્તાઓ સાથે સંધિ કરી ત્યારે એમણે હા ભણી પછી જ કરારો થયા હતા. ઓબામા સાથે થયેલી સંધિને પ્રમુખ તરીકે આવ્યા બાદ ડોનાલ્ડ ટ્રમ્પે ફોક કરી હતી. પરંતુ આ વખતે રહસ્ય અકબંધ છે કે મોજતબા ખામૈનીની મરજી સાથે કે મરજી વિરુદ્ધ વાટાઘાટોને અંજામ અપાઈ રહ્યો છે?

ઈરાનની સરકાર મોજતબાની ઘાયલ થયા પછીની કોઈ તસવીર પ્રગટ કરી નથી. એમના એક્સ એકાઉન્ટ પર કે પછી તહેરાન શહેરમાં બિલબોર્ડ અર્થાતા વિશાળ હોર્ડિંગ્સ પર જે તસવીરો હમણાં છાપવામાં આવી છે તે એઆઈ વડે જનરેટ કરવામાં આવી છે. સરકારે મોજતબામાં અવાજમાં કોઈ રેકોર્ડિંગ પણ જાહેર કર્યું નથી. એમના પિતા અને પૂર્વ સુપ્રીમ લીડરની સલામતી સામે જ્યારે જોખમ ઊભું થતું ત્યારે એ પોતાના અવાજમાં મેસેજ રેકોર્ડ કરાવીને પ્રજાને પહોંચાડતા હતા. અમુક ઈરાની અધિકારીઓ દાવો કરે છે કે પોતાની સલામતી ખાતર મોજતબા પોતે લો પ્રોફાઈલ રાખે છે. પોતાની હયાતી છૂપાવી રાખી છે. કારણ કે ઈઝરાયલના હીટલિસ્ટમાં મોજતબા ખામૈનીનું નામ સૌથી આગળ છે. સમાધાન થઈ જાય પછી મોજતબા બહાર આવશે એમ તેઓનું કહેવું છે. ગયા ગુરુવારે ઈરાનના પ્રમુખ મસૂદ યેઝેશ્કીઆને પ્રથમ વખત કબૂલ કર્યું કે એમણે તાજેતરમાં મોજતબા સાથે અઢી કલાક સુધી રૂબરૂમાં વાત-ચીત કરી હતી. લોકોમાં ચાલતી તરેહ તરેહની અટકળોને વિરામ આપવાના ઈરાદાથી પ્રમુખે આ જાહેરાત કરી છે, પણ પ્રમુખની વાત પર લગભગ દરેકને શંકા છે.



ગયા શુક્રવારે મોજતબાને શરીર પર ક્યા ક્યા ઈજાઓ પહોંચી છે તેની વિગતો ઈરાની અધિકારીઓને જાહેર કરી હતી. એમના ગોઠણ અને પીઠમાં ઈજાઓ પહોંચી છે તેમ જાહેર કરાયું છે. ગયા અઠવાડિયે તે એવું પણ જાહેર કરાયું કે ખામૈનીએ ઈરાનના સિનિયર મિલિટરી કમાન્ડર મેજર જનરલ અલી અબ્દોલ્લાહને મુલાકાત આપી હતી અને સેનાની સથિતિઓ વિષે જાણકારી મેળવી હતી.